SHK Diamond

# સપ્લાયર ગ્રાહક નોંધણી પત્રક

પ્રિય સર / મેડમ,

અમે આપનું એસ.એચ.કે.ડાયમંડ ટેન્ડર/ઓક્શન ના સભ્ય બનવા માટે હ્રદયપૂર્વક સ્વાગત કરીએ છીએ, એસ.એચ.કે.ડાયમંડ ઉચ્ચતમ સ્તરના ભારતિય કાનૂની પાલન માટે પ્રતિબદ્ધ છે.તેથી, અમને તમારી નોંધણી સાથે આગળ વધવા માટે તમારે નીચેની માહિતી અને દસ્તાવેજો પ્રદાન કરવાની જરૂર છે

1. અમારું નોંધણી ફોર્મ તમારા ડિરેક્ટર / પ્રોપરાઇટર / વ્યક્તિગત અને બેંક વિગતો સાથે નોધણી માટે સંપૂર્ણપણે ભરાયેલું.

2. ફોર્મમાં જણાવેલા નામ અને નોંધાયેલા સરનામાંવાળા સ્થાનિક અધિકારક્ષેત્ર અનુસાર તમારી સૌથી તાજેતરના કાનૂની નોંધણી દસ્તાવેજની નકલ.

3. કંપની વતી માલની આપ-લે કરનાર પ્રતિનિધિઓના પાસપોર્ટની નકલ અથવા આઈ.ડી કાર્ડ.

અમે અહીંથી તમને ખાતરી આપીએ છીએ કે આ માહિતીને સખત નિશ્ચિતતા સાથે સાચવણી કરવામાં આવે છે.

કૃપા કરીને અમને ટેન્ડર માટે tender@shkdiamond.com ; ઓક્શન માટે auction@shkdiamond.com પર ફોર્મ અને આવશ્યક દસ્તાવેજો ઇમેઇલ કરો. જો નીચે આપેલ માહિતીમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યા છે, તો કૃપા કરીને વહેલી તકે અમારો સંપર્ક કરો અને તે જ સાથે અમને અપડેટ કરો, અથવા આપ અમારી કંપની ની વેબસાઈટ www.shkdiamond.com પર પણ ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકશો

કૃપા કરીને કોઈ પણ પ્રશ્નો માટે અમારો સંપર્ક કરવામાં અચકાશો નહીં.

તમારો આભાર.

આપનો,

ચિરાગ બલર ,ડાયરેક્ટર

S.H.K. Diamond
Surat.

# A કંપનીની વિગતો

1. રજિસ્ટર્ડ કંપનીનું નામ:
2. રજિસ્ટર્ડ કંપની સરનામું:
3. પત્રવ્યવહાર સરનામું:
   (જો ઉપરથી જુદા હોય તો)
4. ફિઝિકલ ડિલિવરી સરનામું:
   (જો ઉપરથી જુદા હોય તો)
5. ટેલિફોન નંબર:
6. વોટ્સએપ મોબાઇલ નંબર:
7. કંપની વેબસાઇટ :
8. કંપની જી.એસ.ટી. નંબર:
9. કંપનીનું ઇમેઇલ સરનામું:
10. ટિપ્પણી (જો કોઈ હોય તો):

## B.વ્યક્તિગત / પ્રોપરાઇટર / ભાગીદારો / ડિરેક્ટરની વિગતો :

| નંબર | પૂર્ણ નામ | આઈ.ડી /પાસપોર્ટ | કોન્ટેક્ટ નંબર | કોન્ટેક્ટ ઇમેઇલ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

## C.નાણાકીય વિગતો

**1. ફાઇનાન્સ સંબંધિત બાબતો માટે વ્યક્તિગત જવાબદારની સંપર્ક વિગતો:**
**(જે વ્યક્તિ આપની ફાઈનાન્સ સંબંધી વિગતો ની જવાબદારી સંભાળતા હોય એમની વિગત અહીંયા લખવી)**

| | |
|---|---|
| પૂરું નામ: | |
| ઈ – મેઈલ સરનામું: | |
| મોબાઇલ નંબર: | |
| ટેલીફોન નંબર: | |
| વોટ્સએપ મોબાઇલ નંબર: | |

| 2. બેંક વિગતો: | પ્રાથમિક બેંકખાતું | વૈકલ્પિક બેંકખાતું(જો લાગુ હોય) |
|---|---|---|
| બેંકનું નામ: | | |
| ખાતાનું નામ | | |
| ખાતા નંબર: | | |
| બેંકની શાખા: | | |
| આઈ એફ એસ સી નંબર: | | |

# D. કંપની વતી જે વ્યક્તિ માલના વ્યવહારનું પ્રતિનિધિત્વ કરશે:

| નંબર | પૂર્ણ નામ | આઈ.ડી / પાસપોર્ટ | કોન્ટેક નંબર |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |

# E.નિયમો અને શરત

**1. પરિચય.**

**1.1** આ એક ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મના આધાર પર ચાલતી હીરા વેચવાની પ્રક્રિયા છે જેમાં ટેન્ડર/ઓક્શન ઓર્ગેનાઇઝર એટલે કે, એસ.એચ.કે.ડાયમંડ દ્વારા વિવિધ પ્રકારના હીરા અને હીરા ના લોટ વેચાણ માટે પ્રદર્શિત કરવામાં આવશે જે એપોઇન્ટમેન્ટ ના આધારે હોય છે. જેમાં વિવિધ સપ્લાયર પાસેથી હીરા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધાર પર મેળવવામાં આવશે અને તે હીરાને અથવા હીરાના લોટને ઓનલાઈન ટેન્ડર/ઓક્શન  પ્લેટફોર્મમાં ગોઠવવામાં આવશે, પછી ભારતમાં તથા વિદેશમાં હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલી કંપનીઓને હીરા ખરીદવા માટેનું આમંત્રણ આપવામાં આવશે જે કંપની ઓનલાઈન ટેન્ડર/ઓક્શન માં ભાગ લેવા ઇચ્છતી હોય તેમણે પૂર્વ રજીસ્ટ્રેશન કરાવ્યા પછી એપોઇન્ટમેન્ટ દ્વારા ટેન્ડર/ઓક્શન માં મુકાયેલા હીરા અથવા હીરાના લોટને નિરીક્ષણ કરવા માટે એસ.એચ.કે.ડાયમંડના પરિસરમાં આવી હીરા નિરીક્ષણ કરી શકશે(જે પોલીશ હીરા ઓકશન માટે ફિઝિકલ સ્ટોકની ઉપલબ્ધતા ની વિગત નું લિસ્ટ સાથે મૂકવામાં આવેલ હશે), ઓનલાઈન ઓકશન માં ખરીદનાર પાર્ટી ને બીડ કરતા પેહલા દરેક લોટ ના સંદર્ભ માં શરુઆતી મૂલ્ય(સ્ટાર્ટ વેલ્યુ) બતાવવા માં આવશે .આ મૂલ્ય થી ઉપર ની વેલ્યુ અથવા શરુઆતી મૂલ્ય(સ્ટાર્ટ વેલ્યુ) થી બીડ કરનાર કંપની ઓકશન ના પહેલા રાઉન્ડ માં પ્રવેશ મેળવી શકશે.જેતે લોટ ના સંદર્ભ બીડ કરી હોય તેમાં , ત્યારબાદ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન  પ્લેટફોર્મ દ્વારા ગ્રાહક હીરાની અથવા હીરાના લોટની બોલી લગાવી શકશે જેમાં જે ગ્રાહકની મહત્તમ બોલી હશે તેને ઓનલાઈન ટેન્ડર/ઓક્શન  પ્લેટફોર્મના આધારથી સ્વચાલિત પ્રક્રિયા દ્વારા કંપની ના નિમાયેલા નિરીક્ષકો વિજેતા જાહેર કરશે (ખરીદનાર વ્યક્તિ અથવા કંપની નું નામ જાહેર કરવામાં નહીં આવે) અને વિજેતા થયેલ કંપની દ્વારા સપ્લાયર ના હીરા અથવા હીરાના લોટ જે ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા રજૂ કરવામાં આવ્યા હતા એનું પેમેન્ટ બેંક દ્વારા કરી ગ્રાહકને આપવામાં આવે છે.

**1.02** એસ.એચ.કે.ડાયમંડ દ્વારા કરવામાં આવતા તમામ વ્યવહાર અથવા ટ્રાન્જેક્શન સંપૂર્ણ પારદર્શકતા સાથે સંપ્પન કરવામાં આવે છે જેમાં સપ્લાયર ગમે તે લેવલ પર છે વિસ્તૃત વિગતવાર નિરીક્ષણ કરી શકે તેવી સુવિધા છે.

**1.03** એસ.એચ.કે.ડાયમંડ દ્વારા રજૂ કરેલા ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ દ્વારા હીરાને વેચાણ કરવા માંગતા કંપની માલિક અને તેના તમામ પ્રતિનિધિઓ આ માન્ય કરે છે કે તેઓ આ નિયમો અને શરતો દ્વારા બંધાયેલા છે.

**1.04** એસ.એચ.કે.ડાયમંડ દ્વારા ચાલતી ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્રક્રિયામાં હાલના ધોરણે ફક્ત ને ફક્ત કુદરતી હીરાનું જ વેચાણ થતું હોવાથી સપ્લાયરને આ બાબત ધ્યાનમાં લેવી ઉલ્લેખનીય છે કે આપ જે હીરા અથવા હીરાના પાર્સલ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન ના માધ્યમથી વેચવા આપશો તેની ખાતરી આપો છો કે તે હીરા અથવા હીરાના પાર્સલ માં કોઈપણ પ્રકારના માનવનિર્મિત હીરા અથવા હીરાના વિકલ્પો જેવા કે C.V.D મોજોનાઈટ, સિન્થેટિક, લેબોરેટરીમાં ઉત્પન્ન કરેલ વગેરે જેવા મિશ્રિત કરેલ નથી તથા કુદરતી હીરા સિવાયના બીજા અન્ય કોઈપણ પ્રકારના પદાર્થ મિશ્રિત કરેલ નથી અથવા ફક્ત અને ફક્ત કુદરતી હીરા અથવા હીરાનું પાર્સલ જ છે આ માટે સપ્લાયર બંધનકર્તા છે. હાલ કુદરતી હીરાની સાથે કૃત્રિમ હીરાના ઉદ્યોગો પણ ખુબ જ મોટા પાયે ચાલે છે કૃત્રિમ અને કુદરતી કાચા હીરા બન્ને ને તૈયાર થવા માટે ઘણી બધી વિવિધ પ્રકારની પ્રક્રિયાઓમાંથી પસાર કર્યા બાદ તૈયાર થતો હોય છે આવી પ્રોસેસમાં જાણે અથવા અજાણે કુદરતી સાથે કૃત્રિમ હીરા ની ભેળસેળ થઇ જવાની ઘટનાઓ સામે આવતી હોય છે. આ પ્રકારની કોઇપણ બાબત અથવા બીજા કોઈપણ કારણોસર એસ.એચ.કે. ડાયમંડમાં વેચાણ માટે મૂકવામાં આવેલ કુદરતી હીરાના પાર્સલ માંથી જો કૃત્રિમ હીરાની ભેળસેળ માલુમ થાય છે. ત્યારે આવી પરિસ્થિતિમાં જે કૃત્રિમ અથવા તો કુદરતી સિવાયના કોઈપણ પદાર્થે ના હીરાના જે મળી આવ્યા હોય તે પરત લેવા માટે સપ્લાયર બંધન કર્તા છે, અને વધુ પડતા ભેળસેળ ના કિસ્સામાં ટેન્ડર/ઓક્શન માં વેચાણ થયેલ ધંધો રદ પણ થઈ શકે છે .આ પરિસ્થિતિમાં સપ્લાયર પોતાનો કોઈપણ પ્રકારનો વાંધો અથવા તો ઓબ્જેક્શન દાખલ કરી શકશે નહીં.

**1.05** કલમ 1.04 ભંગ કરતા કોઈ સપ્લાયર જણાશે તો વેચાણ કરતાં એસ.એચ.કે.ડાયમંડ ગમે તે સમયે તેની ઉપર રોક લગાવી શકે છે તથા સપ્લાયર ને ગમે તે સમયે પાર્સલ પરત કરવા સંમત રાખે છે. કલમ 1.04 ભંગ કરનાર કંપની અથવા સપ્લાયર દંડ ને પાત્ર બને છે, અથવા સમાધાન ન થાય ત્યાં સુધી હીરા અથવા હીરાના પાર્સલ ની પરત ડીલેવરી રોકી રાખવા માટે પણ હકદાર છે.

**1.06** સપ્લાયર માન્ય કરે છે કે તેને સંપૂર્ણ જાણ છે કે તેના હીરા હીરાના પાર્સલ કેટલા દિવસ જાંગડ અથવા એપ્રુવલ મેમો થી એસ.એસ.કે.ડાયમંડ ટેન્ડર/ઓક્શન  હાઉસમાં રહેશે આ સમયગાળો કોઈપણ પ્રકારની વિપરીત પરિસ્થિતિ ને ધ્યાનમાં લઇ વિલંબિત થઈ શકે છે જેમાં સપ્લાયર તરફથી કરવામાં આવતી દલીલ અમાન્ય ગણાશે,

**1.07** ટેન્ડર/ઓક્શન  પ્રક્રિયામાં આપવામાં આવતો સમય એપોઇન્ટમેન્ટ મા આપવામાં આવતો સમય ભારતના સમયને અનુસારે રહેશે.

**1.08** બધા જ નિયમો અને શરતો ઓનલાઇન ટેન્ડર/ઓક્શન  પ્લેટફોર્મ પર ઉપલબ્ધ છે અને દરેક ગ્રાહક પુષ્ટિ કરે છે કે તેણે તેમને વાંચ્યું છે અને ગ્રાહક તરીકેની નોંધણી મા તેમના દ્વારા બંધાયેલા છે અને નોંધણી થઇ ગયા બાદ પણ કાંઈ વિરોધાભાસ લાગશે તો નિયમો અને શરતો માં સુધારો કરવામાં આવી શકે છે ગ્રાહક સંમત થાય છે અને તે સુધારો માન્ય રાખે છે વખતોવખત કરવામાં આવતા સુધારાઓ ઓનલાઈન

પ્લેટફોર્મ ઉપર એસ.એચ.કે.ડાયમંડ દ્વારા રજૂ કરવામાં આવશે અને તે ગ્રાહક એ પોતે જ જાણવાના રહેશે.

**1.09** સપ્લાયર / ગ્રાહક સંમત થાય છે કે જ્યારે તેનો પ્રતિનિધી અથવા પોતે ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર નોંધણીની પ્રક્રિયા દરમિયાન હું સ્વીકારું છું

***(I accept)*** બટન પસંદ કરે છે ત્યારે તે ગ્રાહક તમામ પ્રકારની અસરકારક શરતોની સ્વીકૃતિ કરે છે આગળ ગ્રાહક સંમત થાય છે કે ઇલેક્ટ્રોનિક હસ્તાક્ષર એ મેન્યુઅલ હસ્તાક્ષરની કાયદેસરની સમકક્ષ હોય છે જેમાં કાગળના દસ્તાવેજોમાં હાથથી ચૂસ્ત સહી ની સંપૂર્ણ શક્તિ અને અસર હોય છે અને જેને કોઈ પણ પ્રમાણપત્ર અથવા કોઈ પાસેથી માન્યતાની જરૂર હોતી નથી.

**1.10** ઉપર જણાવેલ દરેક પ્રક્રિયા કે જે ફિઝિકલ હોય અથવા ઓનલાઈન પ્લેટફોર્મ દ્વારા હોય દરેક પ્રક્રિયા તમામ પ્રકારની સુરક્ષા હેઠળ સંપન્ન કરવામાં આવશે, આમ છતાં પણ તકનીકી કુદરતી અથવા માનવ નિર્મિત અવરોધને લીધે થતી મુશ્કેલીઓમાં વેચાણ કર્તા અથવા એસ.એચ.કે.ડાયમંડ બંધનકર્તા રહેશે નહીં.

**2. સપ્લાયર માટે ગ્રાહક નોંધણી.**

**2.01** એસ.એચ.કે.ડાયમંડ દ્વારા આયોજીત ટેન્ડર/ઓક્શન માં ભાગ લેવા ઇચ્છતી કોઈ પણ કંપનીએ આ હેતુ માટે એસ.એચ.કે.ડાયમંડ દ્વારા પૂરા પાડવામાં આવેલ નોંધણી ફોર્મ ભરીને એસ.એચ.કે.ડાયમંડ ના ગ્રાહક બનવા માટે અરજી કરવી આવશ્યક છે જેમાં આપને બે વિકલ્પો જોવા મળશે નંબર(૧. બાયર, નંબર(૨. સપ્લાયર, અને આપ જેમાં નોંધણી કરાવવા ઇચ્છો તો તેમાં કરાવી શકો છો અથવા બંને વિકલ્પોને પસંદગી પણ કરી શકો છો, જેમાં આ પ્રકારના તમામ દસ્તાવેજો જરૂરી છે, જેમાં ગ્રાહકની ઓળખના પુરાવા, જેવા કે તેના ડિરેક્ટર, પ્રતિનિધિઓ અને ગ્રાહકના બંધારણીય દસ્તાવેજો અને વ્યવસાય લાઇસન્સની નકલો જી.એસ.ટી.નંબર અને કંપની બેંક એકાઉન્ટ ની વિગતો વગેરે.(દસ્તાવેજોની સંપૂર્ણ વિગત માટે ગ્રાહક નોંધણી ફોર્મ જૂઓ.)

**2.02** પૂરી પાડવામાં આવેલ બધી માહિતી અને દસ્તાવેજો સંપૂર્ણ ચકાસણી બાદ જ ગ્રાહક / સપ્લાયર ને નોંધણી આપવી કે ન આપવી તેનો સંપૂર્ણ અધિકાર વેચાણ કરતા અથવા એસ.એચ.કે.ડાયમંડ પાસે અનામત છે અને જે ગ્રાહકો પહેલાથી નોંધાયેલા છે તેઓએ આવી માહિતી અને દસ્તાવેજીકરણને દરેક સમયે અપડેટ રાખવું આવશ્યક છે, જેમાં કંપની માલિક અને પ્રતિનિધિઓની ઓળખના પુરાવા દરેક વખતે એસ.એચ.કે.ડાયમંડ માંગી શકે છે.

**2.03** ગ્રાહક તરીકે માન્યતા મેળવવા માટે, દરેક અરજદારે એસ.એચ.કે.ડાયમંડ સલામતી, પાલન અને અન્ય યોગ્ય ખંત જરૂરિયાતોની બધી આવશ્યકતાઓને પૂર્ણ કરી હોવી જોઈએ. ત્યારબાદ નોંધાયેલ ગ્રાહકને 'ગ્રાહક/ સપ્લાયર' તરીકે ઓળખવામાં આવે છે.

**2.04** ગ્રાહક/સપ્લાયર ખાતરી આપે છે કે આ નિયમો અને શરતો હેઠળ તેની જવાબદારી નિભાવવાની કાનૂની ક્ષમતા છે.

**2.05** વિક્રેતા અથવા એસ.એચ.કે.ડાયમંડ તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, ગ્રાહક અથવા સપ્લાયર ની નોંધણી રદ કરી શકે છે, અને તેના કોઈ પણ હીરા અથવા હીરાના પાર્સલ ને ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પરથી કોઈ પણ નોટિસ વિના અને તાત્કાલિક અસરથી પ્રવેશ આપવાનો ઇનકાર કરી શકે છે.

**2.06** નોંધણી થયેલ ગ્રાહક નું લિસ્ટ એસ.એચ.કે.ડાયમંડ પોતાની વેબસાઇટ અથવા જાહેરાતમાં કંપનીનું નામ અને લોગો કંપનીની સંમતિ લીધા પછી મૂકી શકે છે, જેમ કે વેલ્યુએબલ કસ્ટમર અથવા આ પ્રકારના બીજા અનેક શીર્ષ કહેઠળ.

**3. માલ (હીરા)વેચાણ.**

**3.01** સપ્લાયર દ્વારા એસ.એસ.કે.ડાયમંડ ને જાંગડ/એપ્રુવલ મેમો ના આધાર પર આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ કે જે ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ દ્વારા વેચવા માટે આપવામાં આવેલ છે તે વેચાણ થયેલ ત્યારે જ માનવામાં આવશે જ્યારે વિજેતા ગ્રાહક દ્વારા સંપૂર્ણ સફળતાપૂર્વક પેમેન્ટ એસ.એસ.કે.ડાયમંડ ની તરફેણમાં બેંક દ્વારા ચુકવણી કરવામાં આવશે.

**3.02** વિજેતા થયેલ ગ્રાહક જ્યારે ગમે તે કારણસર વિજેતા થયેલ બોલીના હીરા અથવા હીરા ના પાર્સલ નો પેમેન્ટ કરવામાં નિષ્ફળ જાય છે આવા સંજોગોમાં વેચાણ કરતા અથવા એસ.એચ.કે.ડાયમંડ સપ્લાયર દ્વારા આપવામાં આવેલ જાંગડ/એપ્રુવલ મેમો આધારે લીધેલ હીરા અથવા હીરાના પાર્સલ ખરીદવા માટે બંધન કર્તા ક્યારેય રહેશે નહીં.

**3.03** ઉપરની કલમના સંજોગોમાં ઓનલાઈન ટેન્ડર/ઓક્શન ની પ્રક્રિયા પૂરા થયાની અવધિ ના બે કાર્યકારી દિવસમાં સપ્લાયરને એમના દ્વારા વેચાણ કર્તા અથવા એસ.એચ.કે.ડાયમંડ ને જાંગડ/એપ્રુવલ મેમો થી આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ સુપ્રત કરવામાં આવશે. (આ સમય અનિવાર્ય સંજોગોમાં વિલંબિત થઈ શકે છે.)

**3.04** એસ.એચ.ડાયમંડ સંપૂર્ણ વિવેકબુદ્ધિથી લીધેલ નિર્ણય સપ્લાયરને અંતિમ માન્ય કરતા છે.

**3.05** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધાર પર એસ.એચ.કે.ડાયમંડ ને આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ ઓનલાઈન પ્લેટફોર્મ ની પ્રક્રિયા દ્વારા જો વેચાણ થાય છે તો એસ.એચ.કે.ડાયમંડ દ્વારા સપ્લાયર સાથે દલાલી અથવા કમિશન જે નક્કી કરાયું હોય તે પ્રમાણે નું કમિશન નુ હીરા અથવા હીરાના પાર્સલ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન દ્વારા પ્રાપ્ત થયેલ કિંમત માંથી બાદ કર્યા પછી જ સપ્લાયરને કિંમત ચૂકવવામાં (પેમેન્ટ કરવામાં) આવશે.

**3.06** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધાર પર એસ.એસ.કે.ડાયમંડ ને આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ જે ઓનલાઈન પ્લેટફોર્મની પ્રક્રિયા દ્વારા જો વેચાણ થતા નથી અથવા વિડ્રો ( withdraw ) થાય છે. ત્યારે અમુક કિસ્સાઓમાં એસ.એચ.કે.ડાયમંડ સપ્લાયરને જાંગડ અથવા એપ્રુવલ મેમો થી આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ પર ચાર્જ કરી શકે છે.

**3.07** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો થી એસ.એચ.કે.ડાયમંડ ને આપવામાં આવેલા હીરા અથવા હીરાના પાર્સલ જો ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચાણ થાય છે તેના માટે પંદર (15) કામકાજી દિવસમાં કિંમત ની ચુકવણી એસ.એચ.કે.ડાયમંડ દ્વારા બેંક મારફત કરવામાં આવશે. (ઘણા અનિવાર્ય સંજોગોમાં આ સમયગાળો વિલંબિત થઈ શકે છે.)

**3.08** સપ્લાયર ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચવા માટે હીરા અથવા હીરાના પાર્સલ જે વિક્રેતા અથવા એસ.એચ.કે.ડાયમંડ ને જાંગડ અથવા એપ્રુવલ મેમો થી આપવામાં આવે છે તેનો ભાવ યુ.એસ. ડોલર $ અથવા ભારતીય રૂપિયા Rs માં એમ બે પ્રકારના નાણા વિકલ્પો માં રાખી શકશે, જેમાં યુ.એસ.ડોલર (**$**) ના ભાવ હશે તે ભરતીયુ(invoice) બનાવતી વખતે ભારતિય રૂપિયા(**Rs**) કન્વર્ટ કરવામાં આવશે જે તે સમયના ડોલરના ભાવ ને ધ્યાનમાં લઈને ટેન્ડર/ઓક્શન પ્રક્રિયાના અંતે વેચાણ થયેલ હીરા અથવા હીરાના પાર્સલનું સપ્લાયર ગ્રાહક ઉપર પ્રમાણે ભરતિયું (invoice) આપવામાં આવશે.

**3.09** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધારે એસ.એચ.કે.ડાયમંડ ને વેચાણ માટે આપવામાં આવેલ હીરા/હીરા ના પાર્સલ નું ડોલર($) માં વેચાણ થાય છે તે જો ભારત માં વેચાણ થાય છે તો જે દિવસે ટેન્ડર/ઓકશન પૂર્ણ થાય તે દીવસ નો બંધ ભાવ બાયર અને સપ્લાયર બન્ને ગ્રાહક માન્ય રાખવા માટે બંધનકર્તા રહેશે. અને ભારત સિવાય અન્ય દેશ માં વેચાણ થાય છે ત્યારે ખરીદનાર કંપની તરફ થી ચૂકવણી એસ.એચ.કે.ડાયમંડ ના ખાતે જે મૂલ્ય પ્રમાણે કરવામાં આવશે તે પ્રમાણે ના મૂલ્ય થી માન્ય રાખવા માટે સપ્લાયર બંધનકર્તા રહેશે.

**3.10** બિડ કિંમતો જે વિજેતા થઈ હોય તે જાહેર કરવું એ ફક્ત વિક્રેતાના વિવેકબુદ્ધિ પર છે.

**4. ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ વિશે.**

**4.01** ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ ને વિશેષ ગોપનીયતા અને સલામતી ભર્યું તથા સોફ્ટવેર વપરાશમાં સાહજિક તથા વપરાશકર્તા મૈત્રીપૂર્ણ ડિઝાઇન કરી બનાવવામાં આવ્યું છે.

**4.02** નિરીક્ષણ માટે આવેલ ગ્રાહક અથવા ગ્રાહક ના પ્રતિનિધિને નિરીક્ષણ દરમિયાન ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મની ટ્રેનિંગની પણ સુવિધા રાખવામાં આવી છે તથા ટેન્ડર/ઓક્શન ની બિડીંગ કરતી વખતે આવતી તકનીકી મુશ્કેલીઓના સમાધાન માટે એસ.એસ.કે.ડાયમંડ દ્વારા ટેલીફોનિક મદદ ની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. (આ એક સુવિધા છે પરંતુ તકનીકી ખામીઓને લીધે થતી વધુ મુશ્કેલીઓ માટે વેચાણકર્તા અથવા એસ.એસ.કે.ડાયમંડ કોઈ પણ પ્રકારના બંધનકર્તા રહેશે નહીં)

**4.03** ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ ની પ્રક્રિયા સંપૂર્ણ સોફ્ટવેર આધારિત સ્વચલિત માનવ દખલગીરી વગરની સરળ પ્રક્રિયાછે. જેમાં ગ્રાહકો દ્વારા નોધ (submit) કરાયેલી બોલિઓનો નિર્ણય સંપૂર્ણ માનવ હસ્તક્ષેપ વિના થાય છે.

**4.04** નોંધણી સમયે, દરેક ગ્રાહકને ઓનલાઇન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ એક્સેસ કરવા માટે એક અનન્ય વપરાશકર્તા યુઝરનેમ અને પાસવર્ડ આપવામાં આવ્યો છે. ગ્રાહક તેની લોગઈન વિગતોની સુરક્ષા અને ગુપ્તતા જાળવવા માટે જવાબદાર રહેશે અને વિક્રેતા / એસ.એચ.કે.ડાયમંડ ને લોગઈન ની વિગતો ના ખોટ કે ચોરીના કિસ્સામાં તાત્કાલિક જાણ કરશે.વિક્રેતા / એસ.એચ.કે.ડાયમંડ આપને આપવામાં આવેલ પાસવર્ડ અને યુઝરનેમ ખોટા ઉપયોગ માટે કોઈ પણ સમયે જવાબદાર નથી

**4.05** ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મમાં ગુપ્ત માહિતી હોય છે, જે વિક્રેતા અને / અથવા એસ.એચ.કે.ડાયમંડ ની એકમાત્ર મિલકત છે. ગ્રાહક ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મનો ઉપયોગ રિવર્સ-એન્જિનિયરિંગ / ચોરીનોહેતુ / અથવાતર્ક, સામાન્ય સૌંદર્ય શાસ્ત્ર અથવા તેની સામગ્રીના કોઈપણ ભાગને અનુરૂપ બનાવવા માટે કરશે નહીં. જો કોઈ તૃતીય પક્ષ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ સામગ્રીનો કોઈપણ અનધિકૃત ઉપયોગ વિશે જાગૃત થાય તો ગ્રાહક વિક્રેતા/એસ.એચ.કે.ડાયમંડ ને જાણ કરશે.

4.06 ઓનલાઈન ઓકશન માં ખરીદનાર પાર્ટી ને બીડ કરતા પેહલા દરેક લોટ ના સંદર્ભ માં શરુઆતી મૂલ્ય(સ્ટાર્ટ વેલ્યુ) બતાવવા માં આવશે ,આ વેલ્યુ થી ઉપર ની વેલ્યુ અથવા શરુઆતી મૂલ્ય(સ્ટાર્ટ વેલ્યુ) થી બીડ કરનાર કંપની ઓકશન ના પહેલા રાઉન્ડ માં પ્રવેશ મેળવી શકશે.(જેતે લોટ ના સંદર્ભ બીડ કરી હોય તેમાંજ) શરુઆતી મૂલ્ય(સ્ટાર્ટ વેલ્યુ) ઓકશન ના પહેલા રાઉન્ડ માં પ્રવેશ મેળવવા માટે જ માત્ર છે. શરુઆતી મૂલ્ય(સ્ટાર્ટ વેલ્યુ) એ રિઝર્વ પ્રાઇઝ અથવા બેઝ કિંમત નથી.

4.07 ઓનલાઈન ઓકશન ના અયોજક દ્વારા પૂર્વ આયોજિત અમુક સંખ્યા માં રાઉન્ડ નું નિર્માણ કરવામાં આવેલ હશે .જે તે લોટ ની માંગ પ્રમાણે સોફ્ટવેર દ્વારા સ્વચલિત રીતે(automatic) રાઉન્ડ નું નિર્માણ થશે. રાઉન્ડની પ્રક્રિયા દરમિયાન જે લોટ વિજેતા થાય છે, તે લોટ સ્વચાલિત રીતે(automatic) રાઉન્ડમાંથી બહાર થતાં જશે ,ઓકશન ના દરેક લોટ ના સંદર્ભે સોફ્ટવેર દ્વારા લેવામાં આવેલ અંતિમ નિણર્ય બાદ સંપૂર્ણ રાઉન્ડ સંપન્ન માનવામાં આવશે.

4.08 તૈયાર(પોલીશ) હીરા/હીરા ના પાર્સલ(ડીલ) કે જે સર્ટિફાઇડ સ્ટોક છે, તેના સંદર્ભ માં ખરીદનાર વ્યક્તિ/કંપની 1) ડિસ્કાઉન્ટ એટલે કે બેક અને 2) કિંમત આમ બે પ્રકારે હરાજી(ઓકશન) બીડ દાખલ કરી શકશે .જો કોઈ પણ એક ક્ષેત્ર માં દાખલ થયેલ છે તો બીજા ક્ષેત્ર માં આપ મેળે ગણતરી થઈ ને દાખલ થશે.

**5. જવાબદારીની મર્યાદાઓ.**

**5.01** સપ્લાયર પાસેથી જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધાર પર એસ.એચ.કે.ડાયમંડ ને ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચવા માટે આપવામાં આવેલ તમામ પ્રકારના હીરા અથવા હીરાના પાર્સલ નું સંપૂર્ણ જોખમ અને જવાબદારી વીમા કંપનીના નિયમો અનુસાર રહેશે, આ નિયમ મુજબ સપ્લાયર સંમત થાય છે કે અનિચ્છનીય ઘટના ના બનાવ માટે એસ.એસ.કે.ડાયમંડ કોઈ પણ પ્રકારનું વળતર ચૂકવવા માટે જવાબદાર અથવા બંધાયેલ નથી.

**5.02** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધારે એસ.એચ.કે.ડાયમંડ ને વેચાણ માટે આપવામાં આવતા તમામ હીરા અથવા હીરા ના પાર્સલ ફક્ત જી.એસ.ટી. નંબર સાથે ના જાંગડ અથવા એપ્રુવલ મેમો માં જ સ્વીકારવામાં આવશે અને જી.એસ.ટી. નંબર સાથે ના જાંગડ અથવા એપ્રુવલ મેમો માં આપવામાં આવેલ હીરા અથવા હીરા ના પાર્સલ જ વીમા કંપની ના જોખમ(રિસ્ક) માં સમાવિષ્ઠ ગણવામાં આવશે.

**5.03** સપ્લાયર સંમતિ આપે છે કે ભગવાનના અધિનિયમ ,આગ અકસ્માત, સરકારી ફરમાન અથવા જાહેર દુશ્મનો, હુલ્લડો, હડતાલ, તાળાબંધી, મજૂરવિવાદ, આંતકવાદ, હવામાન સંબંધિત વિલંબ, વર્ણવેલ અને વર્ણન ન કરેલ કોઈ પણ કુદરતી અથવા માનવનિર્મિત એક દ્વારા કોઈ પણ હીરા અથવા હીરાના પાર્સલ ને નુકસાન, અથવા વિલંબ માટે વેચાણ કરતા અથવા એસ.એચ.કે.ડાયમંડ જવાબદાર રહેશે નહીં અથવા બંધાયેલ નથી.

**5.04** ઉપર ની કલમ અનુસાર અથવા બીજા કોઇ પણ કારણસર માલની ડિલિવરી માં વિલંબ ના કિસ્સામાં વેચાણ કરતા અથવા એસ.એચ.કે.ડાયમંડ વિલંબ ફી નું અથવા કોઈપણ પ્રકારનું વળતર ચૂકવવા બંધાયેલ નથી.

**5.05** એસ.એચ.કે.ડાયમંડ ગ્રાહક/સપ્લાયર ના કોઈ પણ હીરા અથવા હીરાના પાર્સલ પહોંચાડવાની અથવા લેવા જવાની કોઈ પણ જવાબદારી હેઠળ નથી ગ્રાહક એ પોતે અથવા પોતાના પ્રતિનિધિ દ્વારા એસ.એચ.કે.ડાયમંડ ની ઓફિસના પરિસરમાંથી પાર્સલ મેળવવાના રહેશે અથવા તો પહોંચાડવાના રહેશે, ઓફિસના પરિસરની બહાર નીકળ્યા પછી એસ.એચ.કે.ડાયમંડ કોઈપણ પ્રકારની જવાબદારી ની બાહેધરી આપતું નથી

**5.06** ગ્રાહક/સપ્લાયર ને જાણ છે કે કોઈ ટેન્ડર/ઓક્શન સંબંધિત હીરાની તપાસ દરમિયાન, આપેલ લોટના વજનમાં કેટલાંક (અમુક) કેરેટનો ઘટાડો થઈ શકે છે.આ સીમાંત તફાવત એ લોટના પ્રારંભિક કેરેટેના પ્રમાણસર છે, અમુક વખત એકબીજા સામે હીરાના ઘર્ષણ થવાથી અથવા એક જ હીરા પરની એક નાની કણીઓ નીકળવાના પરિણામે વજનમાં ફેરફાર થઇ શકે છે. જે બીજી ઘણી બધી બાબતો દ્વારા પણ વજન માં ફેરફાર થઈ શકે છે ટેન્ડર/ઓક્શન  કરેલા ઘણાં લોટ આ પ્રકારના હીરા અથવા હીરાના લોટના વજન ફેરફાર દેખાઈ શકે છે, ગ્રાહક/સપ્લાયર માલની હેન્ડલિંગની અંતર્ગત સીમાંત વજન ઘટાડાના આ જોખમને ઓળખે છે અને સ્વીકારે છે.

**6. નિરીક્ષણ દરમિયાન સલામતી.**

**6.01** એસ.એચ.કે.ડાયમંડ વિડિઓ કેમેરા અને અન્ય સર્વેલન્સ જેવા ઉપકરણો દ્વારા ટેન્ડર/ઓક્શન ની પ્રક્રિયા દરમિયાન નિરીક્ષણનું નિરીક્ષણ કરવાનો હકદાર રહેશે, જેના પર ગ્રાહક અને તેના પ્રતિનિધિઓ ખાસ સંમત થાય છે.

**6.02** ગ્રાહકો પાસે અથવા તેમના પ્રતિનિધિ પાસે નિરીક્ષણ પરિસરમાં પ્રવેશ કરતી વખતે અથવા બહાર નીકળતી વખતે કોઈ પણ હીરા અથવા હીરાનો વિકલ્પ તેમના કબજામાં રહેશે નહીં, અગર તેમની પાસે કોઈ પણ પ્રકારના હીરા અથવા હીરાના વિકલ્પ સાથે લાવતા જણાશે તો તેમને ટેન્ડર/ઓક્શન ના પરિસર માં પ્રવેશ આપવામાં આવશે નહીં અને કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવિ શકે છે.

**(માટે ટેન્ડર/ઓક્શન માં પ્રવેશતી વખતે હીરા અથવા હીરાનો વિકલ્પ સાથે લાવવા નહીં અને નિરીક્ષણ કક્ષમાંથી બહાર નીકળતી વખતે પોતે બરાબર ચકાસી લેવું કે પોતાના શરીરના ભાગ ઉપર કોઈ પણ પ્રકારના હીરા અથવા હીરા ના વિકલ્પો ભૂલથી ન રહી જાય એની ખાસ કાળજી લઇ પછી જ નિરીક્ષણ કક્ષ છોડવો)**

**6.03** સુરક્ષાના હેતુથી નિરીક્ષણ માટે ફાળવેલ કક્ષમાં એક સમયે બે વ્યક્તિ થી વધારે વ્યક્તિને પ્રવેશ મળશે નહીં.

**6.04** એસ.એચ.કે.ડાયમંડ ગ્રાહકને આપવામાં આવતા હીરા અથવા હીરા ના લોટ નું દરેક નિરીક્ષણ પહેલાં અને તે પછી દરેક લોટના વજનને રેકોર્ડ કરશે.

**6.05** જ્યાં નિરીક્ષણ પછી નોંધાયેલા વજન અને તે નિરીક્ષણ પહેલાં નોંધાયેલા વજનની વચ્ચે વિસંગતતા હોય ત્યાં વેચનાર /એસ.એચ.કે.ડાયમંડ તમામ માલના વિતરણને થોભાવવાનો અધિકાર અનામત છે, અને તે વિસ્તાર માં શોધવા માટે હકદાર રહેશે. જેમાં નિરીક્ષણ થયું હતું.જ્યાં સુધી વેચનાર/ એસ.એચ.કે.ડાયમંડ અન્યથા મંજૂરી આપે નહીં ત્યાં સુધી ગ્રાહક અને તેના પ્રતિનિધિઓ વિસંગતતાનો ભેટો ન થાય ત્યાં સુધી એસ.એચ.કે.ડાયમંડ પરિસર ને છોડી દેવા માટે હકદાર રહેશે નહીં.(એટલે કે વજન ઘટતું હોય તે મળી જાય નહીં ત્યાં સુધી)

**6.06** દરેક ગ્રાહક સંમત થાય છે, કે તેના તમામ પ્રતિનિધિઓ સંમત છે કે, એસ.એચ.કે.ડાયમંડ તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિ મુજબ, સુરક્ષાના કોઈપણ પગલા લઈ શકે છે, ગ્રાહકના કોઈપણ પ્રતિનિધિઓ હાજર રહે છે, તેની સંપૂર્ણ રીતે ચકાસણી કરવાની સંમતિ આપે છે અથવા તે પરિસર પર છોડી દે તે પહેલાં તે યોગ્ય લાગે ત્યાં સુધી પરિસરમાં રોકી શકે છે. જેમાં નિરીક્ષણ કરેલ હીરાના વજન પૂરતું જ મર્યાદિત નથી.

**6.07** ગ્રાહક અથવા તેના કોઈ પણ પ્રતિનિધિ દ્વારા કરવામાં આવેલી કોઈ પણ શંકાસ્પદ વર્તનની વધુ એસ.એચ.કે.ડાયમંડ દ્વારા તપાસ કરી શકાય છે અને ગુનાહિત તપાસ માટે સંદર્ભિત કરી શકાય છે.

**6.08** જો નિરીક્ષણ દરમિયાન કોઈ ચોક્કસ લોટની અંદરનો હીરા કાં તો ખોવાઈ જાય અથવા હીરા ને ભારે નુકસાન થાય છે, ત્યારે ગ્રાહકોને એસ.એચ.કે.ડાયમંડ દ્વારા નિમણૂક અધિકારી ના આધારે કેરેટના મૂલ્ય દીઠ ટેન્ડર/ઓક્શન વેચવાના ભાવ પર અથવા લોટના અનામત ભાવે, જે પણ હોય તેના પર ચાર્જ લેવામાં આવશે. ( સૌથી વધુ.)

**6.09** એસ.એચ.કે.ડાયમંડ પરિસરમાં ગ્રાહક ને થતી કોઈ પણ ખોટ કે નુકસાન માટે જવાબદાર રહેશે નહીં અથવા કોઈ પણ પ્રકારનું વળતર ચૂકવવામાં આવશે નહીં જેમાં મૃત્યુ અથવા વ્યક્તિગત ઈજા ની જવાબદારી બાકાત નથી.

**7. પરિણામ શરૂ થાય છે.**

**7.01** વિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ બોલી રજૂ કરવાની અવધિ બંધ થયા પછી જ અને માત્ર નિમણૂક સમિતિ દેખરેખ હેઠળ અંતિમ તબક્કા ની સબમિટ કરેલી બિડ્સ ખોલશે. (જે સંપૂર્ણપણે સ્વચલીત આધારિત "ઓટોમેટીક" બેઝ છે.)

**7.02** વિક્રેતા, તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, અનામત કિંમત નક્કી કરી શકે છે કે જેના પર તે કોઈ ખાસ વેચાણ કરવા તૈયાર છે અને કોઈ પણ સમયે તેને ઘટાડશે અથવા છૂટ આપી શકે છે.

**7.03** વિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ કોઈ પણ ગ્રાહકને ટેન્ડર/ઓક્શન કરેલા કોઈ ચોક્કસ લોટના અનામત ભાવની જાહેરાત કરવા માટે તથા પરિણામ ના ભાવ ની જાહેરાત કરવા બંધાયેલા નથી.

**7.04** વિક્રેતા, તેના સંપૂર્ણ વિવેકબુદ્ધિ મુજબ, કોઈ પણ સબમિટ કરેલી બિડ્સને સ્વીકારી અથવા નકારી શકે છે.

**7.05** જ્યાં બે અથવા વધુ ગ્રાહકો સમાન વિજેતા ભાવોની બોલી લગાવે છે, ત્યાંવિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ દરેક ગ્રાહકને ફોન પર સંપર્ક કરશે કે તેઓ એક અથવા વધુ પક્ષો સાથે સંયુક્ત-ઉચ્ચતમ બોલી લગાવનાર છે તેની જાણ કરશે, અને તેમની બોલી કિંમતની સમીક્ષા કરવાની તક આપે છે. જો બંને ગ્રાહકો સુધી પહોંચી ન શકાય તેવું હોય અથવા સૂચિત થયા પછી ત્રીસ મિનિટમાં તે જ બોલી લગાવવાનું નક્કી કરવું હોય, તો વેચનાર અને / અથવા એસ.એચ.કે.ડાયમંડ નિમણૂક સમિતિ ની હાજરીમાં ઘણાં બધાં દોરો દ્વારા નિર્ણય લેશે, જેમાંથી મહત્તમ બોલી લગાવનાર વિજેતા બનશે.

**7.06** વિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ ઓનલાઇન પ્લેટફોર્મ પર પ્રકાશિત કરવા અને બિડિંગ ગ્રાહકોને ઇમેઇલ દ્વારા ટેન્ડર/ઓક્શન ના અંતિમ પરિણામો મોકલવા માટે હકદાર રહેશે, પરંતુ બંધાયેલા નથી.

**7.07** કોઈ એક ચોક્કસ પાર્સલ પર એકથી વધારે બોલી લગાવનાર ગ્રાહક નહીં હોય એવા સંજોગોમાં ગ્રાહકને બિનહરીફ વિજેતા જાહેર કરવો કે કેમ તે વિક્રેતા / એસ.એચ.કે.ડાયમંડ સંપૂર્ણ પોતાની મનસૂફી પ્રમાણે નિર્ણય લેવા હકદાર છે.

**8. નિયમો અને શરતો , અધિકારના ફેરબદલીનો હક અને અન્ય અધિકાર**

**8.01** આ નિયમો અને શરતો ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ દ્વારા હીરાના વેચાણના સંબંધમાં વિક્રેતા અને / અથવા એસ.એચ.કે.ડાયમંડ અગાઉની કોઈપણ / તમામ શરતોને બદલી શકશે, અથવા નાખશે.

**8.02** વિક્રેતાઅને / અથવા એસ.એચ.કે.ડાયમંડ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર આવી સુધારેલી શરતો ઉપલબ્ધ કરાવવા નિયમો અને શરતોમાં સુધારો કરવાનો અથવા ફેરફાર કરવાનો હકદાર રહેશે, ગ્રાહક/સપ્લાયરની ટેન્ડર/ઓક્શન માં ભાગ લેવા પહેલાં, જેમાં સુધારેલી શરતો લાગુ થશે. માટે ગ્રાહકે/સપ્લાયર દરેક વખતે હીરા અથવા હીરાના પાર્સલ જાંગડ અથવા એપ્રુવલ મેમો દ્વારા આપતા પહેલા શરતો અને નિયમો ધ્યાનથી વાંચવા હિતાવહ છે.

**8.03** સંદર્ભિત હેતુઓ માટે, આ નિયમો અને શરતોનું વર્તમાન સંસ્કરણ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મની વેબસાઇટ પર ઉપલબ્ધ રહેશે.

**8.04** ગ્રાહક/સપ્લાયર નોંધ લે આ નિયમો અને શરતો વેચનાર અને / અથવા એસ. એચ.કે.ડાયમંડ સાથેના કરારો, સંપૂર્ણ અથવા અંશત ,વેચનારની અગાઉની લેખિત સંમતિ વિના કોઈપણ તૃતીય પક્ષને ટ્રાન્સફર કરવાનો હકદાર નથી એસ. એચ.કે.ડાયમંડ ની અગાઉની લેખિત સંમતિ વિના આવી કોઈ પણ સોંપણી અથવા સ્થાનાંતરણને રદબાતલ ગણવામાં આવશે.

**8.05** ટેન્ડર/ઓક્શન સાઇટને ખસેડવાનો અધિકાર.

**8.06** શેડ્યૂલ બદલવાનો અધિકાર.

**8.07** બોલી રજૂઆતના સમયગાળાની સમાપ્તિ પહેલાં કોઈ પણ તબક્કે વેચાણમાંથી ઘણાં પાર્સલ( હીરાના લોટ) પાછા ખેંચવાનો અધિકાર.

**8.08** કોઈ પણ ગ્રાહકને ઓનલાઇન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ એક્સેસ કરવાથી અટકાવવાનો અધિકાર.

**8.09** વેચાણના બંધનકર્તા કરારની અસ્તિત્વ પહેલાં કોઈ પણ તબક્કે કોઈ પણ બિડને નકારવાનો અધિકાર.

**Note:-** ઉપરના તમામ અધિકાર ગ્રાહક વિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ ને આપે છે.

**09. ચુકવણી.**

**09.01** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો થી એસ.એચ.કે.ડાયમંડને આપવામાં આવેલા હીરા અથવા હીરાના પાર્સલ જો ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચાણ થાય છે તેનું ભરતિયું (invoice) બનાવતાપહેલાં, વિક્રેતા /અથવા એસ.એચ.કે.ડાયમંડ વેચાણ થયેલ લોટ ના ઘટતા વજન નું સમાધાન કરશે તેની ખાતરી કરવા માટે કે ગ્રાહક/સપ્લાયર ને લોટના અંતિમ વજનના આધારે યોગ્ય કુલ કિંમત ની ચુકવણી કરશે.

**09.02** વિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્રક્રિયા દ્વારા વિજેતા લોટ જાહેરાત કર્યા પછી એક( 1 ) કાર્યકારી દિવસમાં જીતેલા લોટ માટે ડોલર($) અથવા રૂપિયા (Rs) બેમાંથી એક જેમાં નક્કી થયું હોય તેમાં સપ્લાયર અથવા ગ્રાહકે ભરતિયું (ઇનવોઈસ) રજૂ કરવાનું રહેશે.

**09.03** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો થી એસ.એચ.કે.ડાયમંડ ને આપવામાં આવેલા હીરા અથવા હીરાના પાર્સલ જો ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચાણ થાય છે તેના માટે પંદર (15) કામકાજી દિવસમાં કિંમત (પેમેન્ટ) ની ચુકવણી એસ.એચ.કે.ડાયમંડ દ્વારા બેંક મારફત કરવામાં આવશે .જે ઘણી વખત વિપરીત પરિસ્થિતિઓ ને લઈને વિલંબિત થઇ શકે છે. જેની ગ્રાહક ને જાણ છે.

**09.04** કલમ 09.03 અનુસાર ચુકવણી વિલંબ ના કિસ્સામાં કોઈપણ પ્રકારની વિલંબ ફી અથવા વ્યાજની ચુકવણી વિક્રેતા/ અથવા એસ.એચ.કે.ડાયમંડ દ્વારા કરવામાં આવશે નહીં અથવા કરવા માટે કોઈપણ પ્રકારે બંધાયેલ નથી.

**09.05** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધારે વિક્રેતા / અથવા એસ.એચ.કે.ડાયમંડ ને આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ ની પ્રક્રિયા માં વેચાણ થાય છે, તેની કિંમતો (પેમેન્ટ) માત્ર ને માત્ર બેંક મારફત જ સપ્લાયર અથવા ગ્રાહકને ચુકવણી કરવામાં આવશે.

**09.06** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો થી એસ.એચ.કે.ડાયમંડ ને આપવામાં આવેલા હીરા અથવા હીરાના પાર્સલ જો ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચાણ થાય છે તેની બેન્કમાંથી કરવામાં આવતી ચુકવણી દરમિયાન બેંક દ્વારા વસૂલવામાં આવતી રકમ તથા ઉપરાંતના બેંક ચાર્જ વગેરે કોઈ પણ પ્રકારના ચાર્જ ગ્રાહક / અથવા સપ્લાયરને ચૂકવવાના રહેશે.

**10. સપ્લાયર પાસેથી જાંગડ અથવા મેમોના આધાર પર લીધેલ માલ & rapaport**

**10.01** ગ્રાહક અથવા સપ્લાયર દ્વારા ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર વેચવા માટે હીરા અથવા હીરાના પાર્સલ જે વેચાણકર્તા અથવા એસ.એચ.કે.ડાયમંડને જાંગડ અથવા એપ્રુવલ મેમો થી આપવામાં આવે છે તેનો એસ.એચ.કે.ડાયમંડ દ્વારા વર્ણન બનાવવામાં આવશે જેના આધારે ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર મૂકવામાં આવશે જે નિર્દેશ માત્ર હશે જેમાં હીરા અથવા હીરાના પાર્સલ ની અંદર રહેલા માલની પ્રકૃતિ, કદ, અથવા ગુણવત્તાની બાયધરી હોતી નથી.

**10.02** ગ્રાહક અથવા સપ્લાયર પાસેથી એસ.એચ.કે.ડાયમંડ ને જાંગડ અથવા મેમોના આધાર પર આપવામાં આવેલ હીરા અથવા હીરાના લોટને એક બેઝિક (પાયાની) ભાવ આપવાનો રહેશે જેની તપાસ એસ.એચ.કે.ડાયમંડ દ્વારા નિમણૂક પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવશે જેમાં નિમણૂક પ્રતિનિધિઓને જો ભાવ ફરક લાગશે ગ્રાહક અથવા સપ્લાયર સાથે વાતચીત કર્યા પછી સમાધાન થશે ત્યારે ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્લેટફોર્મ પર હીરા અથવા હીરાના લોટ મુકવા કે નહીં તે સંપૂર્ણ એસ.એચ.કે.ડાયમંડની મનસૂફી અનુસાર છે.

**10.03** સપ્લાયર દ્વારા જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધારે એસ.એચ.કે.ડાયમંડ ને વેચાણ માટે આપવામાં આવતા સર્ટીફાઈડ તૈયાર(પોલીશ) હીરા/હીરા ના પાર્સલ(ડીલ) કે જે બેક/ડિસ્કાઉન્ટ ની માન્યતા પ્રમાણે વેચાણ થાય છે તેના રેપાપોર્ટ **(Rapaport)** નો ભાવ જે દિવસે ટેન્ડર/ઓકશન પૂર્ણ થાય તે દીવસ નો બાયર અને સપ્લાયર ગ્રાહક માન્ય રાખવા માટે બંધનકર્તા રહેશે.

**10.04** ગ્રાહક અથવા સપ્લાયર પાસેથી એસ.એચ.કે.ડાયમંડને જાંગડ અથવા મેમોના આધાર પર આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ કે જેને ખરીદનાર દ્વારા અલગ-અલગ મશીનરી ની પ્રક્રિયા દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે જેવી કે સરીન થી મશીન માપવો, કલર મીટર માં કલર પરીક્ષણ કરવું, ઈંથીલોન પેનથી માર્કિંગ કરવું, ટોલ્યુંન કેમિકલ, એસિટોન વાઈટનર જેવા વગેરે કેમિકલથી સાફ કરવા વગેરે પ્રકારની જુદી જુદી જેનાથી હીરા અથવા હીરાનાપાર્સલ પર થતી અસરને સપ્લાયર સંપૂર્ણપણે ઓળખે છે, એનાથી થતા હીરાના રંગના ફેરફાર માટે ક્યારેય પણ વિક્રેતા અથવા એસ.એચ.કે.ડાયમંડ જવાબદાર રહેશે નહીં (ફક્ત કાચા હીરા/રફ ડાયમંડ માટે)

**10.05** ગ્રાહક અથવા સપ્લાયર પાસેથી એસ.એચ.કે.ડાયમંડને જાંગડ અથવા એપ્રુવલ મેમો ના આધાર પર આપવામાં આવેલ હીરા અથવા હીરાના પાર્સલ ઓનલાઈન ટેન્ડર/ઓક્શન પ્રક્રિયાના નિર્ધારિત દિવસો સુધી એસ.એચ.કે.ડાયમંડ માં રહેશે જેની સમય મર્યાદા અલગ-અલગ ઇવેન્ટની અલગ-અલગ હોઈ શકે છે જે ગ્રાહક અથવા સપ્લાયરે દરેક વખતે પોતે જ માહિતી મેળવવાની રહેશે જેમાં ઘણી વખત વિપરીત પરિસ્થિતિઓના આ કારણથી વિલંબ થઈ શકે છે ગ્રાહક આવી સ્થિતિથી પરિચિત છે.

**10.06** કામકાજી દિવસોનો અર્થ ભારત માં કોઈ પણ દિવસનો અર્થ હોઇ શકે જે વીકએન્ડ અથવા જાહેર રજા ન હોય.

**11. ખાનગી સ્ટેટમેન્ટ.**

**11.01** એસ.એચ.કે.ડાયમંડ પર અમે તમારી વ્યક્તિગત માહિતી અને અન્ય ડેટાને સુરક્ષિત અને ડેટાની ગોપનીયતા રાખવા માટે પ્રતિબદ્ધ છીએ જે અમને ઇ-મેઇલ, ફોન અથવા કોઈ પણ એસ.એચ.કે.ડાયમંડ ઓનલાઇન બિડિંગ પ્લેટફોર્મ દ્વારા પ્રદાન કરવામાં આવ્યા છે.

**11.02** કંપનીના જીએસટી નંબર **24ADGFS3607L1ZY** સાથે એસ.એચ.કે.ડાયમંડ (સુરત) 501' શુકન બિલ્ડીંગજદાખાડી મહિધરપુરા હીરાબજાર ખાતે રજિસ્ટર્ડ વ્યવસાય સરનામું, જે 'ગોપનીયતા વિધાન' સાથે અનુરૂપ ગ્રાહકો, સપ્લાયર્સ ના કોઈ પણ અન્ય સંપર્કનો વ્યક્તિગત ડેટા એકત્રિત કરે છે અને સંભાળે છે.

501' શુકન બિલ્ડીંગ જદાખાડી મહિધરપુરા ડાયમંડ માર્કેટ પર ડેટા પ્રોટેક્શન માટે સંપર્ક વ્યક્તિ છે:

નામ: નિલેશભાઈ ડી. પટેલ

ઇ-મેઇલ: ઓક્શન માટે auction@shkdiamond.com

ટેન્ડર માટે tender@shkdiamond.com

વેબસઇટ: www.shkdiamond.com

ફોન: +912612609032

ફોન: +912613009032

મો. +918100500072

મો. +918100500078

**12. સરકારી કાયદો અને અધિકાર ક્ષેત્ર.**

**12.01** શરતો અને તેમને અનુસારે કોઈ પણ કરાર ભારતિય કાયદા અનુસાર સંચાલિત અને બાંધવામાં આવશે.બધા વિવાદો વિશેષપણે સુરત (ગુજરાત) ની કોર્ટ સમક્ષ લાવવામાં આવશે.**( Subject to Surat jurisdiction)**

**12.02** એસ.એચ.કે.ડાયમંડ દ્વારા બાળ મજૂરી કરાવવામાં આવતી નથી અથવા બાળમજૂર રાખવામાં આવતા નથી તથા બાળ મજૂરીને સમર્થન આપવામાં આવતું નથી.

ધ્યાન આપવા બદલ અને સમજવા બદલ અમે આપનો આભાર વ્યક્ત કરીએ છીએ.

વ્યક્તિગત સંપર્ક માટે :

- નિલેશ ડી. પટેલ (પેમેન્ટ સંબંધી માહિતી માટે)
  મો. +91 8100500076
- કેયુર ગાબાણી (એપોઇન્ટમેન્ટ અને રજિસ્ટ્રેશન સંબંધી માહિતી માટે)
  મો. +91 8100500072
- ભાવેશ જી. તળાવીયા (માલ (ગુડ્સ) સંબંધિત માહિતી માટે)
  મો. +91 8100500075

## F.દસ્તાવેજ ની આવશ્યકતા

કૃપા કરીને જોડાણોની પુષ્ટિ કરતા નીચેના આપેલા બોક્સ ને ટીક માર્ક કરો

નીચેના દસ્તાવેજોને નોંધણી ફોર્મ સાથે સબમિટ કરવા ફરજીયાત છે.

☐ કંપનીનું નોંધણી થયેલ G.S.T સર્ટીફીકેટની નકલ

☐ કંપનીના પાર્ટનર,ડાયરેક્ટર, અથવા વ્યક્તિગત પાસપોર્ટ અથવા આઈ.ડી કાર્ડ ની નકલ ( બે માંથી એક )

☐ કંપનીના અધિકૃત પ્રતિનિધિ કે જે માલ ની કંપની વતી આપ-લે કરે છે તેની આઇ.ડી કાર્ડ ની નકલ.

## G. એકરાર કરવું

એકરાર ને પુષ્ટિ આપતા નીચેના બોક્સ ને ટિક કરો.

હું,______________________________નિર્દેશક અને / અથવા અધિકૃત પ્રતિનિધિ તરીકે,____________________________ વતી આ નોંધણી ફોર્મ પર હસ્તાક્ષર કરવાની કાનૂની ક્ષમતા ધરાવું છું અને હું અહીં સ્વીકાર કરું છું કે આ એકરાર નામા પર હસ્તાક્ષર કરીને, હું નીચેની બાબતોની ખાતરી કરું છું:

- ☐ આ નોંધણી ફોર્મ પૂર્ણ છે અને પૂરી પાડવામાં આવેલ બધી માહિતી સાચી છે;
- ☐ બધા સહાયક જોડાયેલા દસ્તાવેજો અધિકૃત, વર્તમાન અને સચોટ છે;
- ☐ મેં S.H.K. ડાયમંડ ની તમામ શરતો વાંચી, સમજી અને સ્વીકારી છે.

કંપની સ્ટેમ્પ

નામ: ______________________________

પોઝિશન: ______________________________

તારીખ: ______________________________

સહી ______________________________

**એસ.એચ.કે.ડાયમંડ/ટેન્ડર પ્લેટફોર્મ ના સભ્ય બનવામાં તમારી રુચિ બદલ આભાર.**